# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ ફાલ્ગુન પૂર્ણિમા ❖ 5 માર્ચ 2015 ❖ વર્ષ – 15 ❖ અંક – 12 ❖ સળંગ અંક - 180

## ધમ્મવાણી

**कम्मुना वत्तति लोको, कम्मुना वत्तति पजा।**
**कम्मनिबन्धना सत्ता, रथस्साणीव यायतो।**
**एवमेतं यथाभूतं, कम्मं पस्सन्ति पण्डिता।**
**पटिच्चसमुप्पाददस्सा, कम्मविपाककोविदा।।**

સંસાર કર્મનાં આધાર પર ચાલે છે. કર્મના આધાર પર પ્રજા ચાલે છે. ચાલતા રથનાં પૈડાં જે રીતે ધરી સાથે બંધાયેલાં રહે છે, તે પ્રકારે પ્રાણી પણ પોતાનાં કર્મોથી બંધાયેલાં રહે છે. આ પ્રકારે પ્રતીત્યસમુત્પાદદર્શી (કાર્ય–કારણ) તથા કર્મફળ કુશળ જ્ઞાની–વિપશ્ચી કર્મસંસ્કાર (ના ખેલ) ને યથાભૂત (તેના સાચા રૂપમાં) જુએ છે. એટલે કે જેમ જેમ હોય છે તેમ તેમ જોવે છે.

## સવિવેક શ્રદ્ધા

ત્રણ વેદોમાં પારંગત વિદ્વાન વક્કલિ બ્રાહ્મણ ભગવાન બુદ્ધના આશ્રમમાં ગયો. મહાપુરુષોનાં બત્રીસ લક્ષણોથી પરિપૂર્ણ તથાગતના સુંદર તેજસ્વી શરીરે, તેમના પ્રભાવશાળી ઓજસ્વી વ્યકિતત્વે તે ભાવુક બ્રાહ્મણને સહજ જ આકર્ષિત કરી લીધો. તે ભગવાન અંગીરસના અંગ અંગથી જે પ્રભા–રશ્મિઓ પ્રસ્ફૂટિત થઇ રહી હતી, તેમણે વક્કલિ–બ્રાહ્મણને ભાવ અભિભૂત કરી દીધો. તેમના અંતરથી ઊભરતી અપરિમિત મૈત્રી અને કરુણા – તંરગોનો ઊંડો પ્રભાવ પણ હતો જ. વક્કલિએ નિર્ણય કર્યો કે હું ભગવાનના આ રૂપનું જ દર્શન કરતો રહીશ. આથી તે ઘરથી બેઘર થઇ, દાઢી–મૂછ મુંડાવીને, પ્રવ્રજિત થયો અને ભિક્ષુ સંઘમાં સામેલ થઇ ગયો. માત્ર એટલા માટે કે તેને ભગવાનનું સાન્નિધ્ય સુખ વધુમાં વધુ પ્રાપ્ત થઇ શકે. હવે તે ભકિતના આવેશમાં રસ–લોલુપ ભમરાની જેમ ભગવાનની રૂપ–માધુરીની આસપાસ ફરવા લાગ્યો. ન તેને શીલનું ધ્યાન, ન સમાધિ દ્વારા ચિત્ત–એકાગ્રતાનો અભ્યાસ અને ન તો વિપશ્યના દ્વારા પ્રજ્ઞા જાગ્રત કરવાનોએ કોઇ પ્રયાસ. જયારે જુઓ ત્યારે, ભગવાનની સામે જ બેસી રહે અને તેમના પ્રભા–મંડિત ચહેરાને અપલક અનિમેષ જોતો રહે. કરુણામય ભગવાન તથાગતે જોયું કે આ નવો ભિક્ષુ ભકિત–ભાવાવેશમાં એટલો આંધળો થઇ ગયો છે કે ધર્મના સત્ય સ્વરૂપથી દૂર જઇ પડયો છે. તેમણે તેને ઠપકો આપતાં કહ્યું, ‘‘અરે ભોળા ભિક્ષુ, મારા આ શરીરને પાગલની જેમ શું જોઇ રહ્યો છે ? મારા આ રૂપ, આ કાયા પર શું ધ્યાન લગાવી રહ્યો છે? આ કાયા પણ અંદરથી એટલી જ ગંદી છે, જેટલી કે કોઇ પણ અન્યની કાયા. જો મને જોવો હોય તો મારી અંદર સમાયેલા ધર્મને જો. જે ધર્મને જુએ છે, તે મારા સાચા સ્વરૂપને જુવે છે. જે સાચા અર્થમાં મને જુવે છે, તે મારા અંદર સમાયેલા સત્ય ધર્મને જ તો જુએ છે, બાહ્ય શરીરને નહિ.’’

**यो खो धम्मं पस्सति, सो मं पस्सति;**
**यो मं पस्सति, सो धम्मं पस्सति ।**

મહાકારુણિકના આ ધર્મ–ફટકારથી ભાવાવેશમા અંધકારમાં ડૂબેલા વક્કલિ બ્રાહ્મણનાં પ્રજ્ઞા ચક્ષુ ખૂલ્યાં. તેને ભગવાનની આ વાત સમજમાં આવી કે તે તો સાચેસાચ ધર્મના મૂર્ત સ્વરૂપ છે. આથી તેમનું દર્શન જો કાયાના દર્શન સુધી જ મર્યાદિત રહે તો ગાંડપણ જ ગણાય. તેમના દર્શનમાં સત્ય–ધર્મનું દર્શન થવું જ જોઇએ, दिट्ठधम्मं निब्बाणं નું દર્શન થવું જ જોઇએ. અને આ સાંદષ્ટિક નિવાર્ણ ધર્મ તો અંતર્મુખી થઇને સ્વયં પોતાની જ અંદર જોવા માટે છે, બહાર નહિ. વાત તેની સમજમાં આવી. વિપશ્યના – પ્રજ્ઞા દ્વારા પોતાની અંદરના સત્ય ધર્મનું દર્શન કર્યા વગર જીવનભર બુદ્ધના ચીવરને પકડીને તેમની પાછળ લાગ્યા રહેનાર તેમનાથી માઇલો દૂર છે. પણ તેમનાથી હજારો માઇલ દૂર કયાંક કોઇ એંકાતમાં અંતર્મુખી થઇને પોતાની અંદર સત્ય – ધર્મનો સાક્ષાત્કાર કરી લેનાર બુદ્ધની નજીક છે. ધર્મનો સાક્ષાત્કાર જ બુદ્ધનો સાક્ષાત્કાર છે. ધર્મનું સાન્નિધ્ય જ બુદ્ધનું સાન્નિધ્ય છે. આખરે બુદ્ધ શું છે ? सम्यक्-संबोधि નું જીવતું જાગતું સ્વરૂપ જ બુદ્ધ છે.

આ વાત સમજાતાં જ વક્કલિ પર છવાયેલ ભકિત–ભાવાવેશનો અંધ ઘટા–ટોપ દૂર થયો. સત્ય ધર્મનો આલોક પ્રકાશિત થયો. તેણે ભગવાન પાસે વિપશ્યના સાધનાનું કર્મસ્થાન શીખ્યું, અંતર્મુખ થવાની સરળ વિધિ શીખી અને દૂર એકાંતમાં જઇને અભ્યાસ કરવા લાગ્યો. પહેલાંનાં ભકિત – ભાવાવેશે વચ્ચે વચ્ચે થોડી મુશ્કેલીઓ ઊભી કરી, પંરતુ અંતે તે સાચો સાધક નિવાર્ણનો સાક્ષાત્કાર કરી કૃત–કૃત્ય થયો. બધાં આસ્રવો, કલેશો, સંયોજનો અને બંધનોને દૂર કરી મૃત્યુ પહેલાં

આ જ જીવનમાં વિમુકત અવસ્થાને પ્રાપ્ત થયો.

તો આપણે જોઇએ છીએ કે અંધભકિત, અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધાનો ભયાનક ભાવાવેશ સાધકની સાચી પ્રગતિમાં સદાય બાધારૂપ જ સાબિત થાય છે.

ભગવાને કહ્યું, तुम्हे हि किच्चं, आतप्पं, अक्खातारो तथागता

એટલે તથાગત માત્ર માર્ગ આખ્યાત કરનાર છે, વિધિ સમજાવનારા છે, આખરે કામ તો તમારે જ કરવું પડશે. આખો રસ્તો તમારે પોતે જ ચાલીને પાર કરવો પડશે. આ યથાર્થથી આંખ બંધ કરી ભાવુકતાવશ આપણે બુદ્ધને અથવા અન્ય કોઇ નાના-મોટા ગુરુને તારણહાર માનીને તેમના પ્રત્યે અંધશ્રદ્ધા અને અંધભકિતમાં ડૂબીને તેમના આશ્રિત થઇ જઇએ, સાધનાધર્મનો અભ્યાસ છોડી દઇએ અને સ્વંય પોતાને બિલકુલ અસમર્થ અને નિર્બળ સમજવા લાગીએ તો સાચેસાચ પાંગળા અને નકામા બનીને રહી જઇએ. ધર્મના નામ પર આવી ભકિત-ભાવાવેશવાળી હીન ભાવના આપણા માટે કદાપિ કલ્યાણકારી નથી બની શકતી. સાચા કલ્યાણ માટે આપણે પોતાનું આત્મબળ જીવંત રાખવું પડશે. આત્મબળ જીવંત રાખવું અને મુકિતપથ ઉપર ચાલવા માટે પોતાની જવાબદારીઓ પ્રત્યે જાગૃત રહેવું અહંમાન્યતા નથી.

વિમુકિતમાર્ગ ઉપર ચાલવા માટે આત્મભાવની અહંમાન્યતાથી બચવું નિતાંત આવશ્યક છે. પોતાની અંદર સમાયેલા અહંકારને કાઢવાના નામ ઉપર પોતાના મનમાં હીન ભાવના ભરી લેવી અને તેને દુર્બળ અને પરાવલંબી બનાવી લેવું, વિનાશકારી અંહકારની વિરુદ્ધ ઉઠાવેલું એક એવું પગલું છે કે જે આપણને આ એક છેડેથી બિલકુલ બીજા છેડે પહોંચાડે છે. આ બીજી અતિ છે કે જે આપણા માટે એટલી જ હાનિકારક છે. આપણે વચ્ચેનો માર્ગ અપનાવવાનો છે, આ બંને અંતિમોને છોડીને કલ્યાણકારી મધ્યમ માર્ગ અપનાવવાનો છે. જેમાં એક બાજુ ન તો અહંભાવ, આત્મભાવને કારણે આપણું માથું ગર્વથી ઊંચું કરીએ અને આપણે પોતાને છોડીને બીજા કોઇને કંઇ સમજીએ જ નહિ અને બીજી બાજુ ન તો આપણામાં એવી હીન ભાવના ઉત્પન્ન થાય, જેથી આપણે બીજાના આશરે પડીને પોતાની જાતને બિલકુલ નકામી બનાવી લઇએ.

આપણા કલ્યાણમિત્ર માર્ગદર્શક ધર્મગુરુ પ્રત્યે નૈસર્ગિક શ્રદ્ધા, ભકિત અને કૃતજ્ઞતાપૂર્ણ વિનમ્રતા રાખવી એ ખોટું નથી. પરંતુ એની સાથે સાથે અંધશ્રદ્ધા, અંધભકિત અને અંધવિશ્વાસમાં ડૂબી જવું અને એમના દરેક કાર્યમાં, દરેક બોલમાં ચમત્કાર જોવો, અલૌકિતા જોવી, જેટલું સાધકો માટે હાનિકારક છે, એટલું જ સ્વંય આચાર્ય માટે પણ છે. આ અંધ ભાવાવેશમાં જયાં શિષ્ય અને આચાર્ય બંને ડૂબ્યા, ત્યાં તે માર્ગનું પણ પતન થઇ જાય છે. ઈતિહાસ સાક્ષી છે, કેવી રીતે ભગવાનની આ કલ્યાણકારી વિપશ્યના પદ્ધતિ સિદ્ધિઓ અને ચમત્કારોના ચક્કરમાં પડેલા ધર્મનેતાઓ અને તેમના અંધ અનુયાયીઓને કારણે આ દેશમાંથી સંદતર લુપ્ત થઇ ગઇ. સ્વયં ગુરુઓએ જ ગુરુનો મહિમા ગાઇગાઇને અને તેમનામાં અલૌકિક શકિતઓની અતિશયોકિતભરી વ્યાખ્યા કરીને લોકોની અંધશ્રદ્ધાનું પોષણ કર્યું, જેથી ગુરુઓનું માન-સન્માનવધે, તેમના આદર-સત્કારમાં અભિવૃદ્ધિ થાય. આચાર્યની યશતૃષ્ણાએ જ આ વિશુદ્ધિમાર્ગને દૂષિત કર્યો અને આ રીતે ભગવાન તથાગત પછી થોડા જ સૈકાઓમાં ભારતવર્ષમાંથી આ કલ્યાણકારી માર્ગનો લોપ થઇ ગયો. શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો આ પરમ પરિશુદ્ધિ ધર્મ, વિપશ્યના સાધનાના સહારે એક ચિરકાલ પછી આ દેશમાં ફરીથી આવ્યો છે. આ માર્ગની વિશુદ્ધિ કાયમ રહે, જેથી સદ્ધર્મ લાંબા સમય સુધી પ્રતિષ્ઠિત થઇ લોકોને લાભ પહોંચાડતો રહે. એના માટે એ નિતાંત આવશ્યક છે કે કોઇ પણ સાધક-સાધિકા પોતાના માર્ગ-નિર્દેશક આચાર્યમાં ક્યારેય કોઇ પણ પ્રકારના અલૌકિક ચમત્કારનું આરોપણ ન કરે. તેમના પ્રત્યે મિથ્યા ઇશ્વરીભાવ રાખીને કોઇ અંધશ્રદ્ધામાં ન ડૂબે. ત્યારે ગુરુ-શિષ્યની એક સ્વસ્થ, સ્વસ્છ, આદર્શ પંરપરા સ્થાયી થઇ શકાશે કે જે ચિરકાળ સુધી બહુજનના હિત માટે, બહુજનના સુખ માટે બની રહેશે. પૂર્વ સંસ્કારોને કારણે કયાંક-કયાંક કોઇ કોઇ વિપશ્યના સાધકમાં આવો અંધવિશ્વાસ જાગવા લાગે છે, જેને તરત જ દૂર કરવો જોઇએ.

આપણા સહુનું કલ્યાણ એ વાતમાં છે કે આપણે આ ધ્રુવ સત્યને સમજતા રહીએ કે સ્વંય પોતાની અંદર જાગ્રત અનિત્ય બોધની આ વિપશ્યના ચેતનાથી વધારે અન્ય કોઇ શરણ આપનાર છે જ નહિ. જુઠ્ઠી કલ્પનાઓ અને ખોટી આશાઓમાં આપણે સ્વંય પોતાને ન ડૂબવા દઇએ અને હંમેશાં પોતાની અંદરના આ વિપશ્યના ચૈતન્યને જ જાગ્રત રાખીએ.

પ્રતિક્ષણ અંદર ને અંદર જે કંઇ અનુભવ થઇ રહ્યો છે, તે અનિત્ય છે, ક્ષણભંગુર છે, નશ્વર છે, પરિવર્તનશીલ છે – એવો તો તેનો સ્વભાવ જ છે; આવી તો તેની પ્રકૃતિ છે; આવો તો તેનો ધર્મ જ છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ અષ્ટકલાપોથી, પરમાણુ-કણોથી બનેલું આ શરીર-પ્રપંચ પાણીના પરપોટાઓની જેમ પ્રતિક્ષણ બને છે અને નષ્ટ થતી રહે છે. તે જ પરમાણુ કણોની સાથે જોડાયેલી આ ચિત્તસંતતિ પણ તે જ પ્રકારે ઉત્પન્ન અને નષ્ટ થતી રહે છે. શરીર અને ચિત્તની એકમેક જીવનધારા કેટલી ક્ષણભંગુર છે, કેવી રીતે પ્રતિક્ષણ ભંગ થઇ રહી છે – આ સત્યને વિપશ્યનાની સમ્યક્ દૃષ્ટિ દ્વારા જોતા રહીએ, જેથી તેના પ્રત્યે કોઇ આસકિત ન રહી જાય. આ જ ચિત્ત-વિશોધનનો મંગલ-માર્ગ છે. આ સમયે આપણને જે સત્યનું દર્શન થઇ રહ્યું છે, તેની જ મધુર કલ્પના અને આસકિતભરી કામના આપણી પ્રગતિની

સૌથી મોટી બાધા છે, તેનાથી બચીએ.

વિપશ્યના ધર્મ વર્તમાનમાં જીવવાનો ધર્મ છે. આ સમયે જે જેવું અનુભવ થઇ રહ્યું છે તે જ આપણા કામનું છે. ન ભૂતકાળ કે જે વીતી ગયો છે અને ન ભવિષ્ય કે જે હજુ આવ્યું નથી. આથી કલ્પનાઓ અને કામનાઓથી બચીએ; ખોટી આશાઓ અને આકાંક્ષાઓથી બચીએ; નિસ્સાર પરાવલંબનથી બચીએ; પોતાની પ્રજ્ઞા સ્વંય જગાવીને આ ક્ષણના યથાર્થનું દર્શન કરતાં રહીએ. આ જ अत्तरसम्म पणिधि છે, સમ્યક્ આત્મ-પ્રણિધાન છે, સ્વાવલંબન છે, સ્વ-સ્થિત સત્યનું આલંબન છે, ધર્મનું આલંબન છે; જ્ઞાન, વિવેક, વિદ્યા, આલોક, પ્રજ્ઞા અને બોધિનું આલંબન છે. આવો, આ જ આલંબનમાં જીવીએ.

**– 'જાગે પાવન પ્રેરણા' પુસ્તિકામાંથી સાભાર**

## સત્ય ધર્મ

સત્ય ધર્મનું અજવાળું ફેલાઇ રહ્યું છે. પાપનો અંધકાર સમાપ્ત થવાનો સમય નજીક આવી રહ્યો છે. આ મંગળમય ધર્મવેળાનો લાભ ઉઠાવીએ અને પોતાના અંતરને ધર્મના પ્રકાશથી ઝગમગાવીએ. પોતાની ભીતર ભરેલો બધો જ અંધકાર, બધી જ કાલિમા દૂર કરી લઇએ.

આપણા અંતર્મનના અતલ ઊંડાણમાં જે રાગ, દ્વેષ અને મોહ, જે પાપનો અંધકાર છે. તેને હટાવવું ધર્મનો પ્રકાશ છે. આપણું મોટું પુણ્ય છે કે આપણને આવી સહજ-સરળ વિધિ મળી, જેથી આપણે પોતાના અંતર્મનને ધોઇને સત્ય ધર્મની પવિત્રતા ધારણ કરી શકીએ. આ અવસરનો પૂરેપૂરો લાભ ઉઠાવીએ.

આ માર્ગ પર ચાલવા માટે એ કદાપિ અનિવાર્ય નથી કે કોઇ પોતાને બૌદ્ધ કહેવા માંડે. બૌદ્ધ કહીએ કે ન કહીએ, પરંતુ જો આપણે તે મહાકારૂણિક ભગવાન તથાગતે બતાવેલી સહજ, સરળ રીતને અપનાવી, પોતાના ભીતરની રાગ, દ્વેષ અને મોહની કાલિમા દૂર કરી લઇએ તો નિશ્ચય જ આમાં આપણો લાભ છે. આપણું હિત-સુખ છે. પછી આપણે પોતાને ગમે તે નામથી સંબોધીએ, આપણે કલ્યાણકારી માર્ગના સાચા અનુયાયી, દુઃખનિરોધગામિની પ્રતિપદાના સાચા પથિક અને સર્વ દુઃખોથી છુટકારો પામવાના સાચા અધિકારી છીએ જ.

સાચા ધર્મના અભાવે જ આપણે ઊંચ-નીચની દિવાલો બનાવી મનુષ્ય મનુષ્યમાં વિભાજન પેદા કરી લઇએ છીએ. સાચો ધર્મ આ દીવાલો તોડીને, દરેક પ્રકારના વિભાજનને મિટાવે છે અને એકતાના ધરાતલ પર એવા માનવીય સમાજની રચના કરે છે, જયાં કોઇ જન્મ-જાત, ઊંચ-નીંચનો ભેદભાવ નથી હોતો. જો કોઇ ભેદભાવ હોય છે તો એ જ કોણ કેટલો શીલવાન, સમાધિવાન કે પ્રજ્ઞાવાન છે. પરંતુ આ વિભેદ પણ સ્થાયી શાશ્વત નથી, કોઇ બાહ્ય શકિત દ્વારા પૂર્વ નિશ્ચિત કે પૂર્વનિર્ધારિત નથી. દરેક મનુષ્ય એ વાતની ક્ષમતા રાખે છે કે તે પોતાના સદ્પ્રયત્નો દ્વારા અધિકથી અધિક શીલવાન બનીને કાયિક અને વાચિક દુષ્કર્મોથી બચે અને અધિકથી અધિક સમાધિવાન બની પોતાના મનને વશમાં કરે, અને અધિકથી અધિક પ્રજ્ઞાવાન બનીને રાગ, દ્વેષ અને મોહરૂપી ચિત્તમેલથી છુટકારો પામે. જે સમ નથી તેને સમતા પ્રાપ્ત કરવાનો પૂરેપૂરો અધિકાર છે, પૂરેપૂરી સુવિધા છે.

શીલ, સમાધિ અને પ્રજ્ઞામાં પૂર્ણપૂણે પ્રતિષ્ઠિત થઇ જનાર વ્યકિત સ્વભાવથી જ મૈત્રી અને કરૂણાના બ્રાહ્મી ગુણોથી પરિપલ્લવિત થઇ ઊઠે છે. તેના મનમાં દ્વેષ અને દૌર્મનસ્ય, અંહકાર અને ઘૃણા, ભય અને કાયરતા નથી રહી શકતાં. ન તે જાતિ, વર્ણ, કૂળ, અને ધનને કારણે અહંભાવનાનો શિકાર થાય છે. અને ન તેમના અભાવે હીનભાવનાનો. કોઇ વ્યકિત કોઇ પણ જાતિ, કૂળ, વર્ણ કે સંપ્રદાયમાં જન્મી હોય, ધનવાન હોય કે નિર્ધન, વિદ્વાન હોય કે નિરક્ષર, જો શીલ, સમાધિ, અને પ્રજ્ઞામાં પ્રતિષ્ઠિત છે તો નિશ્ચય જ પૂર્ણ માનવ છે, તેથી મહાન છે.

માનવતાના આ સાચા માપદંડથી પોતાને માપતા રહેવાનો અભ્યાસ વધારીએ અને જયારે પણ પોતાનાં શીલ, સમાધિ અને પ્રજ્ઞામાં જરા પણ ખામી જોઇએ ત્યારે તેની પુષ્ટિના પ્રયત્નમાં લાગી જઇએ અને આ પ્રકારે પોતાનું સાચું કલ્યાણ સાધીએ.

**– 'ધર્મ આદર્શ જીવનનો આધાર' પુસ્તિકામાંથી સાભાર**

**વિપશ્યના પરિચય કાર્યક્રમ - ધમ્મકોટ**

**તા. ૧૯-૪-૨૦૧૫, સવારે : ૧૦ થી ૧**

**ધમ્મ અંબિકા કેન્દ્રમાં બાળકો માટે આનાપાન કોર્ષ**

**૮ થી ૧૨ વર્ષ માટે**

| ગર્લ્સ (બાળાઓ) | બોય્ઝ (બાળકો) |
|---|---|
| ૧૮-૪-૨૦૧૫ થી ૨૦-૪-૨૦૧૫ | ૨૨-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ |

**ધમ્મપાલીમાં ૩ દિવસીય શિબિરનું આયોજન**

નવનિર્મિત વિપશ્યના કેન્દ્ર ધમ્મપાલિ ખાતે પ્રથમ વખત જૂના સાધકો માટે ૩ દિવસીય શિબિર નું આયોજન તા. ૨-૪-૨૦૧૫ થી ૫-૪-૨૦૧૫ દરમ્યાન કરેલ છે. શિબિર પ્રારંભ ઝીરો દિવસે સાંજે ૫-૦૦ વાગ્યે થશે અને સમાપન અંતિમ દિવસે બપોરે ૨-૦૦ વાગ્યે થશે.

ગામ : ટોડી, સોનગઢ - પાલીતાણા રોડ, જી. ભાવનગર.

**:: રજીસ્ટ્રેશન માટે સંપર્ક ::**

**મો.: ૭૮૭૮૧૦૩૬૩૬**

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર–ધમ્મકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર–ધમ્મસિંધુ | ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–ધમ્મ દિવાકર | દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર–ધમ્મ અંબિકા | ધર્મજ વિપશ્યના કેન્દ્ર–ધર્મજ |
|---|---|---|---|---|---|
| રાજકોટ.<br>C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧.<br>0281-2233666<br>M : 78 78 72 72 23<br>0281-2924942<br>M : 93279 23540<br>રજિસ્ટ્રેશન – સમય ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૩૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી.<br>કચ્છ–૩૭૦ ૪૬૫<br>02834-273303<br>M : 78746 23305<br>M : 99256 74104 | અમદાવાદ<br>રનોડા<br>તા. ધોળકા,<br>જિ. અમદાવાદ–<br>૩૮૦ ૮૧૦<br>02714-294690<br>M : 94264 19397 | મીઠા, મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>02762-272800, 254634, 252345<br>M : 94292 33000 | નવસારી<br>નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–8 બોરિયાચ ટોલનાકાથી 2km, વગલવાડ, તા.:ગણદેવી<br>02634-291100<br>292521<br>94281 60714<br>98250 44536<br>રજિસ્ટ્રેશન ૧૧થી ૫ દરમિયાન<br>0261-3260961 | હેમંતભાઈ પટેલ<br>02697- 245460, 245302<br>M : 94265 00765 |
| **૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | | | |
| 08-04 to 19-04-15<br>22-04 to 03-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15<br>03-06 to 14-06-15<br>17-06 to 28-06-15<br>01-07 to 12-07-15<br>15-07 to 26-07-15 | 10-05 to 21-05-15<br>24-05 to 04-06-15<br>07-06 to 18-06-15<br>21-06 to 02-07-15<br>05-07 to 16-07-15 | 08-04 to 19-04-15<br>21-04 to 02-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15<br>03-06 to 14-06-15<br>03-07 to 14-07-15<br>15-07-15to 26-07- | 08-04 to 19-04-15<br>22-04 to 03-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15<br>03-06 to 14-06-15<br>17-06 to 28-06-15<br>15-07-15to 26-07- | 06-05 to 17-05-15<br>27-05 to 07-06-15<br>17-06 to 28-06-15<br>01-07 to 12-07-15<br>15-07 to 26-07-15<br>01-08- to 12-08-15<br>29-07 to 09-08-15 | 09-05-15 to 12-3-15<br>04-07-15 to 15-7-15<br>01-08-15 to 12-8-15<br>01-10-15 to 12-10-15<br>20-11-15 to 1-12-15<br>**મોગર કેન્દ્ર–ધમ્મ ભવન વડોદરા।**<br>દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના<br>૫–કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા–૩૯૦૦૨૦.<br>0265-2341181<br>M : 94263 32180<br>vvs04@ hotmail.com |
| **સતિપટ્ઠાન**<br>22-05 to 30-05-15 | **સતિપટ્ઠાન**<br>24-03 to 01-04-15<br>૨૦ - દિવસીય શિબિર<br>05-04 to 26-04-15<br>05-04 to 06-05-15 | **સતિપટ્ઠાન**<br>25-03 to 02-04-15<br>૨૦ - દિવસીય શિબિર<br>29-08 to 20-09-15 | **સતિપટ્ઠાન**<br>04-07 to 12-07-15<br>૨૦ - દિવસીય<br>01-03 to 22-03-15<br>૩ - દિવસીય<br>02-04 to 05-04-15 | **સતિપટ્ઠાન**<br>08-04 to 16-04-15<br>યુવા શિબિર ૧૫થી૧૯ વર્ષ<br>25-04 to 03-05-15 યુવકો<br>18-05 to 26-05-15યુવતીઓ | |

**ઉના** સામૂહિક સાધના : સવારે ૬:૩૦ થી ૭:૩૦, હરેશભાઇ જે. ટીલવાણી ૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** સામૂહિક સાધના : સાંજે ૬:૧૫ થી ૭:૧૫, ખીમજીભાઇ કોયાણી કે.ઓ. શાહ કોલેજ, મો.: 98244 91245, એક દિવસીય શિબીર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

શુદ્ધ ધર્મ કા શાંતિ-પથ, સંપ્રદાય સે દૂર ।
શુદ્ધ ધર્મ કી સાધના, મંગલ સે ભરપૂર ॥

શ્રદ્ધા જાગી બુદ્ધ પર, ચલું બોધિ કે પંથ ।
બોધિ જગાઉ સ્વયં કી, મંગલ મિલે અનંત ॥

શ્રદ્ધા જાગી ધર્મ પર, ચલું ધર્મ કે પંથ ।
સબ પાપોં કા હનન કર, બનું સ્વયં અરહંત ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

શ્રદ્ધા જાગી સંત પર, બઢૂં શાંતિ કે પંથ ।
શાંતિ સમાયે ચિત્ત મેં, હોય દુઃખોં કા અંત ॥

શ્રદ્ધા તો જાગે મગર, છૂટે નહીં વિવેક ।
શ્રદ્ધા ઔર વિવેક સે, મંગલ જગે અનેક ॥

શ્રદ્ધા તો જાગે મગર, અંધ ન બનને પાય ।
પ્રજ્ઞા જ્ઞાન પ્રદીપ કી, જ્યોતિ નહીં બુઝ જાય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 5 માર્ચ 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org